જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૩/૨૦૨૩ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૪૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૩૯ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૨૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૪૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૪૪૨/૨૦૨૩

**સોલા હાઈકોર્ટઃ** મિતલ વા/ઓ અમિતભાઇ પટેલની વિધવા પત્ની (ઉ.વ.૩૪) (રહે. દેવનંદન પ્લેટીના ફ્લેટ, લાઇફ લાઇન હોસ્પીટલ સામે, વંદેમાતરમ રોડ, ગોતા) એ તા.૧૩/૦૩/૨૦૨૩ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૮ થી ઓગસ્ટ/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી વિજય આનંદભાઇ રાઠોડ તથા તેમની પત્ની હીના પરમાર (રહે.પરમેશ્વર-૫, અર્થ સ્કુલ સામે, ચાંદખેડા) એ ભેગા મળી મિતલ પટેલ તેમજ તેમના પરિવાર સાથે વિશ્વાસ કેળવીને પૈસાનુ રોકાણ કરવાથી નફો થવાની લોભામણી લાલચ આપી સોપાન શરણમ, ચાંદલોડીયા ખાતે તેમજ મિતલ પટેલના ઘરેથી મિતલ પટેલ તેમજ તેમના પરિવાર પાસેથી નાણા મેળવી લઈ તે પૈકી બાકી નીકળતા અંદાજીત રૂપિયા ૨૮,૯૭,૮૧૮/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

**ઓઢવઃ** દેવારામ ભુરારામ પુરોહીત (ઉ.વ.૫૮)(રહે.અજીતનાથકૃપા સોસાયટી, અંબીકાનગર, ઓઢવ) એ તા.૧૩/03/૨૦૨૩ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દેવારામ પુરોહીત સ્ટીલના સ્ક્રેપના માલનો ધંધો કરતા હોઈ માહે જાન્યુઆરી/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) આશીષભાઈ જેનુ સાચુ નામ જયદિપસિંહ નરેન્દ્રસિંહ જાડેજા (રહે.ગામ.લાકડીયા, તા.ભચાઉ જી.કચ્છ) (૨) અમરતભાઈ (૩) હરેશભાઈ અને (૪) કમલેશભાઈ) પાસેથી સ્ટીલના સ્ક્રેપના માલ વાહનના ભાડા સાથે રૂપિયા ૧૬,૭૮,૯૪૦/-મેળવી લઈ માલ નહી આપી તેમજ આપેલ નાણા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૪૩/૨૦૨૩</u>**

**સોલા હાઈકોર્ટઃ** પ્રધ્યુમન સ/ઓ ધુળાભાઈ લુહાર (ઉ.વ.૩૦) (રહે. ખોડીયારનગર સોસાયટી ચાંદલોડિયા બ્રિજના છેડે, રામ-બલરામનગર સોસાયટીની બાજુમા ચાંદલોડિયા) એ તા.૧૩/03/૨૦૨૩ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/03/૨૦૨૩ સવારના ૧૦/૦૦ થી બપોરના ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કલર કામ કરવા આવેલ રાઘવેન્દ્ર બાલમુકુંદસિંહ ઘરમાં કબાટમાંથી એલ્યુમિનીયમની પેટી ચોરી કરી લઈ ગયો હતો. જે પેટીમાં સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૬૨,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.સાધુ ચલાવે છે.

**ખોખરાઃ** હાર્દીકભાઇ અભુભાઇ દેસાઇ (રહે. વિજયપાર્ક સોસાયટી સેવન-ડે સ્કુલ પાછળ ખોખરા) એ તા.૧૩/03/૨૦૨૩ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/03/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૦૨/03/૨૦૨૩ કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક નજીક પાર્ક કરેલ પોતાનુ એકટીવા નંબર જીજે ૨૭ ડીએક્સ ૨૯૫૦ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ હતી. તેમજ એકટીવાની ડેકીમાં સોનાની વિંટી કિમત રૂપિયા ૫૭,૯૬૧/- અને રોકડ રૂપિયા ૭૮,૩૦૦/- હતા. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી તેજપાલસિંહ પુરણસિંહ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૪૪/૨૦૨૩</u>**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** (૧) સાગરભાઇ ભરતભાઇ ઠાકોર (ઉ.વ.૨૦)(રહે. અમરાઇવાડી વસ્ત્રાલ રોડ બાગે ફિરદોશ સ્કુલ પાસે પ્રકાશ ટેનામેન્ટ પાછળ છાપરાંમાં) તા.૧૩/03/૨૦૨૩ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે નારોલથી પીરાણા ચાર રસ્તા તરફ જતા કોઝી હોટલ આગળથી મોટર સાયકલ પાછળ પત્ની દિવ્યાબહેનને બેસાડી પસાર થઇ રહ્યા હતા ત્યારે ટ્રક નંબર જીજે.૦૧.સીએક્સ.૮૫૫૫ ના ચાલકે ટ્રક પુરઝડપે અને ગફલતભરીથી ચલાવી સાગરભાઇના મોટર સાયકલને ટક્કર મારતા દિવ્યાબહેનને ઇજાઓ થયેલ તેમજ સાગરભાઇના માથા ઉપર ટ્રકનુ ટાયર ફરી વળતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગેની ફરીયાદ મરણજનાર સાગરભાઇની પત્ની દિવ્યાબહેન ઠાકોરે "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** (૨) સોયેબ ઉર્ફે બાબુ મોહમદયામીન કુરેશી (ઉ.વ.૩૩)(રહે.રામરહીમનો ટેકરો બહેરામપુરા દાણીલીમડા) તા.૧૧/03/૨૦૨૩ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે મિત્ર જગદીશભાઇ રાજપુત નાઓ સાથે લાંભા ચાર રસ્તા નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી સોયેબના મોટર સાયકલને ટક્કર મારતા સોયેબ અને જગદીશભાઇને ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે બંનેને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/03/૨૦૨૩ કલાક ૮/૩૦ વાગે સોયેબનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મરણ જનાર સોયેબના મિત્ર જગદીશભાઇ રાજપુત એ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૪૫/૨૦૨૩**

**સાબરમતીઃ** નીરજભાઇ વિદ્યાસાગર વિશ્વકર્મા (ઉ.વ.૨૨) (રહે. સતાધાર પાર્ક વિભાગ-૨ સોસાયટી ન્યુ રાણીપ રોડ ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૨/03/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે કાળીગામ તળાવ નજીક ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/03/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી.અરવિંદકુમાર માનાભાઇ ચલાવે છે.

**સરખેજઃ** બાદલ સુરેશ ભંડોલે (ઉ.વ.૨૨) (રહે.દ્વારકેશનગર સોસાયટી ઉજાલા સર્કલ પાસે સરખેજ) એ બિમારીથી કંટાળી તા.૦૬/03/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/03/૨૦૨૩ કલાક ૯/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી. એ.સી.ઝાલા ચલાવે છે.

**વેજલપુરઃ** રૂકૈયાબાનુ વા/ઓ ઇકબાલભાઇ ભલા (ઉ.વ.૩૧) (રહે. અસ્મા રો-હાઉસ જેરાના મસ્જીદ પાસે બિસ્મીલ્લા બેકરીની ગલી કેનાલ પાછળ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૩/03/૨૦૨૩ બપોરના ૪/૦૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી.વાય.ડી.રહેવર ચલાવે છે.

**નરોડાઃ** અશોકકુમાર સિધ્ધરાજભાઇ ઘાંટીયા (ઉ.વ.૨૯) (રહે. માનસી એપાર્ટમેન્ટ ગેલીક્ષી સિનેમા પાછળ નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૨/03/૨૦૨૩ રાતના ૧૧/30 વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી.એલ.ટી.ડામોર ચલાવે છે.

**નિકોલઃ** મીઠાલાલ માધાજી મીણા (ઉ.વ.૨૭) (રહે. સોમાજીની વાડી સિંગરવા તા.દસ્ક્રોઇ જી.અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૧૨/03/૨૦૨૩ રાતના ૮/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિંગરવા પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ગીતબા અનિરૂધ્ધસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી